આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ તુલા

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ છે ● મીનારક કમૂરતાં ચાલુ છે ● બુધ નીચ રાશીનો ગ્રહ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ સાતમે ચંદ્ર લગ્ને છે જે તમોને આકર્ષક વ્યક્તિત્વ વાળા બનાવે. આજે તમો જેમની સાથે વાતોમાં જોડાઓ તે બધા લોકો તમારાથી પ્રભાવિત થાય. આઠમે મંગળ-શનિની યુતિ હાનિકારક ગણી શકાય.

વૃષભ સાતમે મંગળ-શનિની યુતિ તમારા માટે હાનિકારક છે. તમો આજે શારીરિક-માનસિક હેરાન થઈ શકો છો. મંગળ સાથે વક્રી શનિની યુતિ તમારે માટે હાનિકારક ન બને તે જોવું. ભક્તિ-પૂજા કરવી.

મિથુન પાંચમે ચંદ્ર સંતાન ભુવન માટે સારો ગણાય છે. સંતાન તેના ક્ષેત્રમાં પ્રકાશિત થઈ ઉઠે અને તે કોઈ નાનું મોટું પરાક્રમ કરીને નામના મેળવે તો એ આજના ચંદ્રના પ્રતાપે છે તેમ સમજવું.

કર્ક ચોથે ચંદ્ર માતૃસ્થાનનો કારક ગ્રહ છે તેથી તમોને આજે માતાનું સુખ મળશે. પાંચમે મંગળ-શનિની યુતિ સંતાનો દ્વારા પ્રશ્નો ઊભા કરશે.જે સોલ્વ કરવામાં દિવસ જશે.

સિંહ રાશિમાં ચાંડાલ યોગ આખો દિવસ ગ્લાનીમય વિતાવવો પડે. જીવનસાક્ષી દ્વારા સુખનો અહેસાસ થાય. બહેનો દ્વારા આનંદમંગલના સમાચાર મળે.

કન્યા સાતમે મીનનો સૂર્ય અને બુધ આપના આજના દિવસ માટે સારો નથી. બંને ગ્રહો નીચનું ફળ આપે છે માટે મનમાં જે વિચારો આવે તેનો અમલ કરતાં પહેલાં સાત વાર વિચાર કરશો તે સારું.

તુલા જીવનસાથી તરફથી અને સંતાનો તરફથી આપને પ્રેમ અને હૂંફ મળશે. આજનો દિવસ સારો જશે. કૌટુંબિક વાતાવરણ સારું રહેશે. મિત્રો તમને હેરાન કરે તેવો યોગ છે.

વૃશ્ચિક વક્ર શનિ આજથી આપની રાશિમાં થાય છે. જે સ્વગૃહો મંગળ રાશિ પતિ છે. તેની સાથે છે. સારો યોગ છે. મંગળથી પ્રભાવિત થઈને શનિની વક્રગતિ તમોને શનિની નડતી પનોતી ઓછી કરશે.

ધન રાશિપતિ ચાંડાલ યોગમાં રહીને આપના રાશિને પાંચમી દૃષ્ટિથી નિહાળે છે. ધાર્મિકતા-યજ્ઞયજ્ઞાદિ વિ. આપના દ્વારા નાના પાયે થવાના યોગો છે. ભક્તિ-પૂજામાં દિવસ પસાર થાય તે સારું.

મકર આઠમે ચાંડાલ યોગ છે અને રાશિપતિ શનિની વક્રી થઈને ત્રીજે રાશિ પર દૃષ્ટિ કરે છે માટે આપને બળજબરીથી આપનો દિવસ આનંદમાં પસાર કરવાની કસરત કરો તો સારું.

કુંભ રાશિમાં શુક્ર કેતુ સાથે છે જે ચાંડાલ યોગથી દૃષ્ટ છે. માટે આ ખરાબ યોગોને કારણે લગ્નેત્તર સંબંધો ના બંધાય તેની કાળજી રાખશો ને ભક્તિ-પૂજા કરશો તો દિવસ સારો જશે.

મીન મીનનો સૂર્ય અને બુદ્ધ બંને અશુભ મનાય છે જે તમારી રાશિમાં છે જેનાથી આઠમે ચંદ્ર છે તેથી શરદી-સળેખમ-કફ-ઉધરસ કરાવે - ધ્યાન રાખશો તો ફાવશો.

વડાગામ સ્થિત હનુમાન મંદિર પાસે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૨૩ માર્ચના રોજ શહિદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને પુષ્પાંજલિ આપી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી અને શહિદોના ઈતિહાસ અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકો હાજર રહ્યા હતા.

મેઢાસણમાં રિધ્ધિ સિધ્ધિ ગણપતિ મંદિરે શિખર પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

મોડાસા તાલુકાના મેઢાસણ ગામે સ્થિત શ્રી રિધ્ધિ-સિધ્ધિ ગણપતિ મંદિરના વિસ્તૃતિકરણના પ્રસંગનું તા. ૨૭ માર્ચને રવિવારના રોજ શિખર પ્રતિષ્ઠા મહોત્સવ અને ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શિખર પૂજન, ધ્વજા આરોહણ, કળશ સ્થાપન, મૂષક સ્થાપન અને ગણેશયાગ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

આ ધાર્મિક પર્વે સવારે ૯.૧૫ કલાકે યજ્ઞ પ્રારંભ કરાવાશે. સવારે ૧૦.૧૫ કલાકે શિખર પૂજન, બપોરે ૧૨.૩૯ કલાકે શિખર પ્રતિષ્ઠા, બપોરે ૧.૧૫ કલાકે મૂષક સ્થાપન અને યજ્ઞ પૂર્ણાહુતિ સાંજે ૫.૧૫ કલાકે કરવામાં આવશે. આ ઉપરાંત સાંજે ૭.૧૫ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું છે. જયારે રાત્રે ૧૦.૦૦ કલાકે મહાઆરતી યોજાશે. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ મનુપ્રસાદ જોષી, ઉપપ્રમુખ પુનમચંદ શાહ, મંત્રી દયાળજીભાઈ પટેલ અને રવિલાલ પટેલ, પૂજારી પ્રદીપકુમાર વ્યાસ તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ વ્યવસ્થાપક સમિતિના ચીનુપ્રસાદ જોષી, અરવિંદભાઈ શાહ, હિરેશભાઈ ગોર સહિતના તમામ મંડળના ટ્રસ્ટીઓ હાજર રહેશે.

અક્ષરજ્ઞાનના બાળકો પ્રકૃતિ ઉદ્યાનની સફરે

ગાંધીનગર ઘ-૬ સર્કલની આસપાસ રહેતા ૪૦ જેટલા શ્રમજીવી બાળકોને રવિવાર તા. ૨૦ માર્ચના રોજ ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બાળકો સાથે ૧૩ જેટલા શિક્ષકો પણ જોડાયા હતા. સર્વ વિદ્યાલય કડી સંસ્થાએ નિઃશુલ્ક ધોરણે સ્કૂલબસની સુવિધા પુરી પાડી હતી. આપણુ ફાઉન્ડેશનના વ્યવસ્થાપક વિશાલભાઈ તથા સતકર્મ ટ્રસ્ટ ગાંધીનગરે આ બાળકોને પ્રવાસના સ્થળે ભરપુર નાસ્તો પુરો પાડ્યો હતો. તદઉપરાંત બસમાંથી ઉતરતી વખતે નાસ્તો ભરેલુ બોક્સ દરેક બાળકને આપ્યુ હતુ.

'અક્ષરજ્ઞાન' નામથી ચલાવવામાં આવતા આ વર્ગના વ્યવસ્થાપક, કડી કેમ્પસના ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ તથા સહ કાર્યકર હેતલ સોની અને મનીષા પંચાલ તેમજ તેમની ટીમના તમામ શિક્ષકોના સહયોગથી આ પ્રવાસ યાદગાર બની ગયો હતો.

ભાજપ પ્રમુખ અમિત શાહ રવિવારે અમદાવાદ આવશે

એસટી બસ પોર્ટનું વિધિવત ઉદ્ઘાટન થશેઃ વિધાનસભામાં સોમવારે હાજરી આપશે : કિસાન રેલીમાં હાજર રહેશે

અમદાવાદ, તા. ૨૫

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. રવિવારના દિવસે અમદાવાદ પહોંચી રહેલા અમિત શાહના સ્વાગતની તૈયારીઓ પણ કરાઈ રહી છે. જુદા જુદા કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે. આગામી રવિવારે ૨૭મીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદની મુલાકાતે આવશે. સુભાષબ્રિજના નવા એસટી બસપોર્ટનું ઉદ્ઘાટન સાંજે છ વાગે યોજાનાર છે.

આ ઉદ્ઘાટન સમારોહ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને વાહન વ્યવહાર મંત્રી અને ભાજપ પ્રમુખ વિજયભાઈ રૂપાણીની વિશેષ હાજરીમાં યોજાશે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપથી તૈયાર થયેલા આ બસ પોર્ટના ઉદ્ઘાટન માટે અત્યાર સુધીમાં બે વખત તારીખ નક્કી કરવામાં આવી હતી પરંતુ એક યા બીજા કારણોસર વિલંબીત બનતું હતું. આખરે ૨૭મી માર્ચ ૨૦૧૬એ બસ પોર્ટનું ઉદ્ઘાટન થશે.

આ ઉપરાંત તેઓ સુરત ખાતે યોજાનારી કિસાન રેલીમાં હાજરી આવશે અને વિધાનસભા સત્રમાં તેમની હાજરી પણ પુરાવશે.

ભાજપ રાજ્યભરમાં ૬ એપ્રીલે ભારત માતા એકતા કૂચ યોજશે

અમદાવાદ,તા.૨૫

ભાજપા શહેર સંગઠન પ્રમુખ તથા એલિસબ્રિજના ધારાસભ્ય રાકેશભાઈ શાહે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આજરોજ ખાનપુર, શહેર કાર્યાલય ખાતે શહેર સંગઠનના તમામ હોદ્દેદારો, ધારાસભ્યો, બોર્ડ-નિગમના ચેરમેનો, કોર્પોરેટરો તથા તમામ વોર્ડના મુખ્ય આગેવાનોની એક બૃહદ બેઠક યોજાઈ હતી. આગામી છઠ્ઠી એપ્રિલે, ભાજપાના સ્થાપના દિન નિમિત્તે રાજ્યભરમાં જે અઢાર સ્થળે ભારત માતા એકતા કૂચનું આયોજન થવાનું છે. તેના ભાગરુપે કર્ણાવતી મહાનગરમાં સાંજે ૪.૦૦ વાગે, પાંચ હજારથી વધુ યુવા કાર્યકરો દ્વારા સરદાર પટેલ સ્ટેડિયમથી સુભાષબ્રિજ પાસે સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સુધી ત્રણ કિમીના રુટ પર એક મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોની સાથે અન્ય અનેક સામાજલક્ષી તથા રચનાત્મક કાર્યક્રમોનું વોડ્‌ર્સઃ આયોજન કરવામાં આવશે.

સેક્ટર-૩-ડીમાં હોલીકા દહન

ગાંધીનગરમાં હોળીના પર્વની ઉલ્લાસપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ હતી. સેક્ટર-૩-ડી યુવક મંડળના યુવાનો દ્વારા હોળી પ્રગટાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૩ના રહેવાસીઓએ મોટી સંખ્યામાં હોળી દહનના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી.

મનપાના મેનીફેસ્ટો માટે કોંગ્રેસની ૬ એપ્રિલ સુધી જનસંવેદના પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૨૫મી માર્ચથી ૬ એપ્રિલ સુધી શહેરના તમામ સેક્ટરોને આવરી લેતી જનસંવેદના પદયાત્રા યોજવામાં આવશે.

શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને સેવાદળના ઉપક્રમે યોજાઈ રહેલી આ જનસંવેદના પદયાત્રામાં ૧૪થી વધુ પ્રશ્નો પુછી અને લોકોના મન જાણ્યા બાદ ચૂંટણીનું ઘોષણાપત્ર તૈયાર કરવામાં આવશે તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલે આજે એક નિવેદનમાં જણાવ્યુ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, પ્રજા માટે અચ્છે દિન લાવવાના અનેક વાયદા સાથે આવેલી મોદી સરકાર તેમના છેલ્લા ૨૦ વર્ષના શાસનકાળ દરમ્યાન પ્રજા માટે અચ્છે દિન તો દૂર બુરે દિન આવ્યા હોય તેમ લાગે છે. ગુજરાતની રાજધાની ગાંધીનગમરાં પ્રજા પોતાના પ્રાથમિક અને જીવન જરૂરિયાતના પ્રશ્નો-સમસ્યાઓ વર્તમાન ભાજપ સરકાર દ્વારા કોઈ ઉકેલ આવેલ નથી અને પ્રજાની સમસ્યાઓ ઉકેલવાના બદલે ભાજપ સરકાર માત્ર જાહેરાતો અને પોતાની સ્વપ્રસિદ્ધિ અને ભ્રષ્ટાચારથી ગાંધીનગરની પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. આ ભ્રષ્ટ શાસનમાં ગરીબ-મધ્યમ વર્ગને થઈ રહેલો અન્યાય અને જીવન જરૂરી ચીજ વસ્તુઓમાં બેફામ મોંઘવારી, પેટ્રોલ-ડીઝલ, વીજળી, કરવેરામાં જંગી ભાવ વધારો, શિક્ષણનું ખાનગીકરણ કરી વિદ્યાર્થીઓ-વાલીઓ પાસેથી ઉઘાડી લૂંટ, જેવા અનેક પ્રશ્નો માટે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગાંધીનગર કોંગ્રેસ સેવાદળ દ્વારા જનસંવેદના પદયાત્રા તા. ૨૫-૩-૨૦૧૬થી તા. ૬-૪-૨૦૧૬ સુધી સમગ્ર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં લોકોના પ્રશ્નોને વાચા આપવા માટે એક ફોર્મ સ્વરૂપે લોકોનો અભિપ્રાય જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરની પ્રજાને શું જોઈએ ? તે અંગે જાણી આગામી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના મેનીફેસ્ટો સમાવેશ કરવામાં આવશે. જે જનસેવા પદયાત્રા ગાંધીનગરના સેક્ટર-૧માંથી શરૂ થઈ ઘરે ઘરે જઈ રૂબરૂમાં લોકોનો અભિપ્રાય જાણવાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેરના જનતાએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ તા. ૬ઠ્ઠી એપ્રિલ-૨૦૧૬ સુધી ગાંધીનગરના તમામ સેક્ટરોમાં ફરશે.

શહેર કોંગ્રેસે વોર્ડ દીઠ બે નિરીક્ષકો નિયુક્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મનપાની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી મનપાના વોર્ડ દીઠ બે નીરીક્ષકોની નિમણૂંક કરી છે.

શહેર કોંગ્રેસ દ્વારા આજે એક અખબારી યાદીમાં આ નિરીક્ષકોની યાદી જાહેર કરાઈ છે જેઓ ચૂંટણીની જવાબદારી સંભાળશે.

વોર્ડ નં. ૧માં વિજયસિંહ વાઘેલા અને દુષ્યંતભાઈ ચૌધરી, વોર્ડ નં. ૨માં જયદીપ ઠાકોર અને પીતામ્બરભાઈ ભાખરીયા, વોર્ડ નં. ૩માં મિતુલ જોશી, હરેશભાઈ પટેલ, વોર્ડ નં. ૪માં વિજયભાઈ સોલંકી અને ઈશ્વરભાઈ દેસાઈ, વોર્ડ નં. ૫માં શ્રીમતિ જશીબેન શ્રીમાળી અને આતાજી ઠાકોર, વોર્ડ નં. ૬માં કેસરીસિંહ બિહોલા અને અમરસિંહ ચૌહાણ તથા વોર્ડ નં. ૭માં શંકરસિંહ ગોહિલ અને યુસુફખાન પઠાન, વોર્ડ નં. ૮માં વિરેન્દ્રસિંહ ઝાલા અને કે.પી. સોલંકીનો સમાવેશ થાય છે.

ભાજપ પ્રદેશ માળખાની પુનઃ રચના ૩૧મી પહેલા કરાશે

ગાંધીનગર, તા. ૨૫

પ્રદેશ ભાજપના નવા સંગઠન માળખુ તૈયાર કરી દેવામાં આવ્યું છે અને આ માસના અંત ભાગમાં જ નવા પ્રદેશ માળખાની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવા પ્રદેશ ભાજપ પ્રમુખ વિજય રૂપાણીની વરણી કરવામાં આવ્યા બાદ નવા સંગઠન માળખુ ક્યારે રચાશે તેની ભારે અટકળો ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ ભાજપ દ્વારા અનેક કાર્યક્રમો જાહેર કરી દેવામાં આવ્યા છે તેમજ આગામી ૪થી એપ્રિલના રોજ પ્રદેશ કારોબારીની બેઠક પણ મળનારી છે.

આથી પ્રદેશ કારોબારી પહેલા જ નવા સંગઠન માળખાની રચના માટેનો તખ્તો ગોઠવી કાઢવામાં આવ્યો છે. પ્રદેશ સંગઠન માળખામાં કોને નિમવા એ અંગે સંભવીત નામોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહે ભાજપા પ્રમુખ અમીત શાહ ગુજરાતના પ્રવાસે આવનાર છે. ત્યારે તેમની મંજુરી મેળવ્યા બાદ માર્ચ માસના અંતમાં નવા સંગઠન માળખાની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નવા સંગઠન માળખાની સાથે પ્રદેશ કારોબારીની પણ રચના કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ સંગઠન માળખા સાથે પ્રદેશના વિવિધ મોરચા અને સેલોના હોદ્દેદારોની પણ ફેરબદલ કરીને નવા યુવા ચહેરાઓને તેમજ કેટલાક જુના જોગીઓને પણ સ્થાન આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે પ્રદેશ સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મહેબુબા મુફ્તી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્મલસિંહ સર્વસંમતિથી જમ્મુ કાશ્મીરમાં ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. સત શર્માએ કહ્યું હતું કે, ભાજપ ધારાસભ્યોએ સર્વસંમતિથી પીડીપીને ટેકો આપીને સરકાર રચવાનો નિર્ણય કર્યો છે. પીડીપીના મુખ્યમંત્રીને સમર્થન અપાશે. જમ્મુ કાશ્મીરમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનશે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર માટે તેમની પસંદગી કરી લેવામાં આવી છે. આ અગાઉ મહેબુબા મુફ્તીને પીડીપી વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. બંને નેતાઓએ રાજ્યપાલ સાથે વાતચીત કરી લીધી છે. ભાજપ હાઈકમાન્ડે રામ માધવ અને જીતેન્દ્રસિંહને જમ્મુ કાશ્મીરની વર્તમાન રાજકીય સ્થિતિની સમીક્ષા કરવા અને સરકારની રચના કરવા માટે પાર્ટીના ધારાસભ્યોના અભિપ્રાય અંગે માહિતી મેળવવાની જવાબદારી સોંપાઈ હતી.

વિઝન ડોક્યુમેન્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાતચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, આમા લોકલક્ષી બાબતોને આવરી લેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા રાજ્યની તમામ બાબતોને ઉથલાવી દેવામાં આવી છે. ઘુસણખોરીને પ્રોત્સાહન આપીને કોંગ્રેસ પાર્ટીએ ભૌગોલિક સ્થિતિને બદલી નાંખવાના પ્રયાસ કર્યા છે. કોંગ્રેસે ઘણા દશકથી આ કામ કર્યું છે છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જેટલીએ પત્રકારો સાથેની વાતચીતમાં એણ પણ કહ્યું હતું કે, પરિવર્તન માટેની ઈચ્છા શક્તિ હવે જાગી ગઈ છે. આસામના લોકો હવે સ્લોગનથી થાકી ગયા છે. તેઓ વિકાસ ઈચ્છે છે. યુવાનો વિકાસ માટે આશાવાદી બન્યા છે. અમારી ગઠબંધનની શક્તિ યુવાનોની શક્તિ છે. પરિવર્તન માટે યુવાનો જ લડત ચલાવશે. ભાજપ આસામ વિઝન ડોક્યુમેન્ટ ૨૦૧૬-૨૫માં કેન્દ્ર સાથે નજીકથી હાથ મિલાવવા સરકાર કામ કરશે.

બેઠકોની વહેંચણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઝાદે કહ્યું હતું કે, ડીએમકેની લીડરશીપ સાથે ચૂંટણી વ્યૂહચના ઉપર ચર્ચા થઈ છે. જટિલ બેઠકોની વહેંચણી મુદ્દે કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે, વાતચીત થઈ છે પરંતુ હજુ કોઈ વાત નક્કી થઈ નથી. ડીએમકેને થોડાક સમય આપવામાં આવ્યો છે. અમે પણ પોતાની રીતે ચર્ચા કરીશું. કોંગ્રેસે ગયા મહિને જ જાહેરાત કરી હતી કે, તમિળનાડુની ચૂંટણી ડીએમકેની સાથે મળીને લડવામાં આવશે. કોંગ્રેસે છેલ્લી લોકસભાની ચૂંટણી પોતાની તાકાત ઉપર લડી હતી અને હાલત ખુબ જ કફોડી રહી હતી. કોંગ્રેસને માત્ર પાંચ બેઠકો મળી હતી. રાજ્યમાં વિધાનસભાનું સંખ્યાબળ ૨૩૪નું છે.

અમૂલ પેટર્નમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે આ દિશામાં મધુરના સંચાલકો આગળ વધશે.

મળતી વિગતો પ્રમાણે મધુર સ્વીટ્સ અને મધુર નમકીનસ્ તો મધુરના નામે જ માર્કેટમાં રહેશે. ગાંધીનગર જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં પણ સારી એવી વૃદ્ધિ નોંધાઈ છે. અને તેના વેચાણમાં સારૂ માર્કેટ ઉપલબ્ધ બને તે હેતુને ધ્યાને રાખી આ નિર્ણય લેવામાં આવનાર હોવાનું પણ સૂત્રોએ સ્વીકાર્યું છે. ડેરીના સૂત્રોએ જણાવ્યું છે કે 'અમુલ' પેટર્ન અપનાવવાના નિર્ણય પછી ક્યારથી 'મધુર' દૂધ 'અમુલ'માં પરિવર્તીત થશે તેની પણ સત્તાવાર જાહેરાત આ દિવસે થઈ શકે છે.

અસહ્ય બફારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંજે તો એવુ લાગતુ હતુ કે હમણા વરસાદ પડશે. જો કે મોડી સાંજ સુધી ક્યાંય છાંટા પડ્યા હોય તેવું જાણવા મળ્યુ ન હતુ. વાતાવરણમાં ફેરફાર થતા અને આકાશમાં વાદળો ઘેરાતા ખેડૂતો એકદમ ચિંતિત થઈ ગયા હતા. ખેતરોમાં રવિપાક લહેરાઈ રહ્યો છે અને લલણીનો સમય નજીક આવ્યો છે. ત્યારે જ વાતાવરણમાં ફેરફાર થતાં ખેડૂતોને ઉભા પાકની ચિંતા સતાવી રહી છે. વાદળછાયા અને ધૂંધળા વાતાવરણની વચ્ચે આજે અસહ્ય ગરમીનો અહેસાસ થયો હતો. બફારો ખુબ થતાં બપોરના સમયે તો ઘરની બહાર નીકળવુ મુશ્કેલ થઈ ગયું હતું.

ગરમી વધતા પાણીનો વપરાશ વધી ગયો છે. પાણીની તરસ વારંવાર અનુભવાતી હતી. સરકારી કચેરીઓમાં જ્યાં પણ ઠંડા પાણીના કુલર અને આર.ઓ. સીસ્ટમ મુકેલી છે. ત્યાં પાણી ભરવા માટે રીતસર કતારો જોવા મળી હતી. વારંવાર ઠંડા પાણીની જરૂરીયાત ઉભી થતી હતી. એ.સી. અને એરકુલર ફુલસ્પીડે ચલાવીને કર્મચારીઓએ ઠંડક મેળવી હતી. શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે ગરમી અને તડકાના કારણે વિદ્યાર્થીઓ પણ પરેશાન જોવા મળી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૨૨.૫ ડિ.સે. નોંધાતા રાત્રે પણ બફારો થતો હતો.

ગમખ્વાર અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવવા ટર્ન માર્યો..! સુનીલ ચૌધરી ગાડી ચલાવી રહ્યો હતો. બેફામ ગતિએ ચાલતી આઈ-૨૦ અચાનક સરગાસણ ચોકડી પહેલા ડીવાઈડર સાથે ટકરાઈને ઉછળી અને રેલીંગ તોડીને સામેના રોડ પરથી અમદાવાદ તરફ જઈ રહેલી વેગનઆર ગાડી નં. જીજે૧.કે.એન.૨૦૩૫ સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આઈ-૨૦ ગાડી સ્પાર્ક સાથે સળગી ઉઠી હતી અને તેના ચાલક સુનિલ ચૌધરીનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ વેગનઆર ગાડીમાં પિતા-પુત્ર અમદાવાદ ઘાટલોડીયા ખાતે પોતાના ઘરે જઈ રહ્યા હતા. પિતા હસમુખલાલ કચરાલાલ પટેલ બાજુમાં બેઠા હતા અને ૨૩ વર્ષિય પુત્ર અશ્વેત પટેલ ગાડી ચલાવી રહ્યો હતો. આ અકસ્માતમાં અશ્વેતને પણ ગંભીર ઈજાઓ થતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનામાં બે ના મૃત્યુ અને ત્રણ ઘાયલ થયા હતા. ઈન્ફોસીટી પોલીસે હસમુખલાલ પટેલની ફરીયાદને આધારે ગુનો દાખલ કરીને પીએસઆઈ એમ.આર. પટેલે વધુ તપાસ શરૂ કરી છે.

બાઈક પરથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શુક્રવારે રેસર બાઈક લઈને પસાર થઈ રહેલ ગાંધીનગરના એક યુવાનનું પટકાતા મોત નિપજ્યું હતું. જે અંગે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે ગાંભોઈના પી.એસ.આઈ. કોમલ રાઠોડના જણાવાયા મુજબ ગાંધીનગરમાં રહેતા રાજદીપસિંહ જશવંતસિંહ રહેવર શુક્રવારે બપોરે રેસર બાઈક નં. એમ.એચ.૦૨.એઆર.૮૮૩૯ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે અચાનક બાઈક પરથી કાબુ ગુમાવી દેતા તેઓ ડીવાઈડર સાથે અથડાતા પટકાયા હતા. જેથી ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે ગાંધીનગર તાલુકાના વાવોલ ગામના નૈનેશસિંહ કેસાજી ગોલે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના રાજદીપસિંહ રહેવર અંદાજે રૂ. ૧૬ લાખથી વધુની કિંમતનું રેસર બાઈક લઈને શામળાજીથી ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે તેમને નડેલા અકસ્માત બાદ બાઈકને ખાસ નુકશાન થયું નથી. પરંતુ રાજદીપસિંહ જમીન પર પટકાતા ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજ્યું હતું.

મનપા જંગની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણીમાં પણ પક્ષ દ્વારા બૂથ સ્તરની તૈયારીઓ સંપૂર્ણ કરી દેવામાં આવશે તેમજ વધુમાં વધુ લોકો ભાજપમાં જોડાય તેવો આગામી સમયમાં પ્રયાસ કરવામાં આવશે. આ બેઠકમાં શ્રી આઈ.કે. જાડેજા ઉપરાંત કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષ તેમજ ગાંધીનગરના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારા, ભાજપના મંત્રી શ્રી હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલા, મહાનગરના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ પટેલ(દાસ), ગુડાના ચેરમેન શ્રી આશીષ દવે, પૂર્વ સહકાર મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, ધારાસભ્યો શ્રી અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર તથા પુનમભાઈ મકવાણા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.